॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૫** **WRITER** **YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૩૦)

**પ્ર.૧ સામાયિક –પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. સલ્લેહિં **માયા સલ્લેણં નિયાણ સલ્લેહિં મિચ્છા દંસણે સલ્લેહિં પડિક્કમામિ** તિહિં ગારવેહિં

૨. ઈણમેવ **નિગ્ગંથં પાવયણં સચ્ચં અણુત્તરં** કેવલિયં

૩. જીવા વિ **ખમંતુ મે મિત્તી મે સવ્વભૂએસુ વેર મજ્ઝં** ન કેણઈ

૪. ઈચ્છામિ **પડિક્કમઉં પગામસિજ્જાએ નિગામસિજ્જાએ સંથારા ઉવટ્ટણાએ** પરિયટ્ટણાએ

૫. આગારેહિં **અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો** જાવ

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૫)**

૧. જેમણવિહિં **જમવાના પદાર્થોની મર્યાદા** ૨. પરમત્થ **સિદ્ધાંતની**

૩. પાયપુચ્છણેણં **રજોહરણ, ગુચ્છાથી** ૪. ભોમાલિક **જમીન સંબંધી જૂઠ**

૫. દેશાવગાસિક વ્રત **દશમું દિશા અને ભોગોપભોગની અમુક મર્યાદાવાળું વ્રત**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૫)**

૧. ખીસાં કાતરી **ગાંઠડી છોડી** ૨. રંગનો વેપાર કર્યો હોય **લક્ખ વાણિજ્જે**

૩. પાપકર્મોનો ઉપદેશ આપવાથી **પાવકમ્મોવએસં** ૪. મોટકા મૈથુનથી **થૂલાઓ મેહુણાઓ**

૫. જાણી જોઇને, ઈરાદાપૂર્વક **આકિટ્ટી**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. મહિયા એટલે શું? **મહિયા એટલે ભાવથી સ્મરણ.**

૨. ક્યાં ધર્મ હોઈ શકે નહિ? **જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ હોઈ શકે નહિ.**

૩. છટ્ઠું વ્રત શેના વિશેનું છે? **છટ્ઠું વ્રત દિશાઓની મર્યાદા કરવાનું છે.**

૪. અપાઢિયારી વસ્તુ એટલે શું? **જે વસ્તુ સાધુ-સાધ્વી વહોરી લીધા પછી પાછી આપતા નથી.**

૫. દશમા વ્રતમાં ભોજનની મર્યાદા કેવી રીતે કરવામાં આવે છે?

**દિવસમાં કેટલીવાર અને કેટલો આહાર વાપરવો તેની મર્યાદા.**

૬. પરિગ્રહ એટલે શું? **પરિગ્રહ એટલે આસક્તિ, મમત્વ.**

૭. જૈનોની કુળદેવી કઈ? શરીરને પીડાકારી જીવો કયા? **જૈનોની કુળદેવી અહિંસા. કૃમિ, વાળો, જૂ વગેરે.**

૮. ૯૯ અતિચારમાં જ્ઞાન અને તપના અતિચાર કેટલા? **જ્ઞાનના-૧૪ અને તપના-૫**

૯. કર્માદાન કયા વ્રતમાં આવે છે? તેમાં કેટલા બોલની મર્યાદા કરવાની છે?

**કર્માદાન સાતમા વ્રતમાં આવે છે. તેમાં ૨૬ બોલની મર્યાદા કરવાની છે.**

૧૦. સાવદ્યયોગ કોને કહે છે? **૧૮ પાપની પ્રવૃત્તિને સાવદ્યયોગ કહે છે.**

**(30)**

**પ્ર.૨ તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(અ) છ આરાના આધારે જવાબ લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. પાંચમા આરાના ૬ થી ૯ લક્ષણ લખો.

**૬) સારા કુળની સ્ત્રી તે લજ્જા રહિત થશે. ૭) સારા કુળની સ્ત્રી તે વેશ્યા સરખી થશે. ૮) પુત્રો પોતાના છંદે, મરજી મુજબ, સ્વતંત્ર ચાલશે. ૯) શિષ્ય ગુરુના અવર્ણવાદ બોલશે.**

૨. ઉત્સર્પિણીના ત્રીજા આરામાં તીર્થંકર ક્યારે થશે? તે કોણ હશે? તેમનું આયુષ્ય કેટલું? બીજું કોણ થશે?

**3 વર્ષ ૮ ॥ મહિના વીત્યા બાદ પ્રથમ નરકેથી શ્રેણિક મહારાજનો જીવ પહેલા તીર્થંકર મહાપદ્મ સ્વામીરૂપે જન્મ લેશે. તેમનું આયુષ્ય ૭૨ વર્ષનું હશે. તે આરામાં બીજા ૨૨ તીર્થં., ૧૧ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ.**

૩. જુગલિયા કેટલા આરા સુધી હોય છે? તેમને આહારની ઈચ્છા ક્યારે થાય? તે કોણ પૂરી કરે?

**જુગલિયા અવસર્પિણીના પહેલા, બીજા, ત્રીજા આરા અને ઉત્સર્પિણીના ચોથા, પાંચમા, છટ્ઠા આરામાં હોય છે. તેમને આહારની ઈચ્છા ત્રણ, બે, એક દિવસે થાય. ૧૦ પ્રકારના કલ્પવૃક્ષ પૂરી કરે.**

૪. છટ્ઠા આરામાં કોનો જન્મ થશે? ગતિ કઈ હશે?

**જે જીવ દાન – પુણ્ય રહિત, તેમ જ નમસ્કાર મંત્ર રહિત, પ્રત્યાખ્યાન રહિત, સમકિત વિનાનો હશે તેવા જીવો છટ્ઠા આરામાં જન્મ લેશે. ગતિ પ્રાયઃ નરક, તિર્યંચની હશે.**

૫. ઉત્તરકુરુ, ૫૬ અંતરદ્વીપ અને મહાવિદેહમાં કેવા ભાવો હોય? શા માટે?

**ઉત્તરકુરુમાં અવસર્પિણીકાળના બેસતા પહેલા આરા જેવા, ૫૬ અંતરદ્વીપમાં અવસર્પિણીકાળના ઉતરતા ત્રીજા આરા જેવા અને મહાવિદેહમાં અવસર્પિણીકાળના ચોથા આરા જેવા સદાકાળ જેવા છે કારણ કે આ ક્ષેત્રોમાં છ આરા કે કાળચક્ર હોતા નથી.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. ઉત્સર્પિણીના ચોથા આરામાં અકર્મભૂમિ જેવો વ્યવહાર ક્યારે થશે?

**એક ક્રોડપૂર્વ જેટલો સંધિકાળ પસાર થયા પછી શરૂ થશે.**

૨. અઢીદ્વીપમાં દિવસ–રાત કેમ થાય છે? **સૂર્ય અને ચદ્ર ચલ હોવાને કારણે દિવસ–રાત થાય છે.**

૩. કુલકર એટલે શું? **વ્યવસ્થાપક/માંડલિક રાજા.**

૪. પાંચમા આરાના અંતે કયા જ્ઞાન વિચ્છેદ જશે? **મનઃપર્યવ જ્ઞાન, કેવળ જ્ઞાન.**

૫. ધર્મકાળ કયા કાળમાં વધારે? **ઉત્સર્પિણી કાળમાં વધારે.**

૬. અવસર્પિણીના પહેલા આરામાં ધરતીની સરસાઈ કેવી હોય?

**બેસતા આરે સાકર સરખી, ઉતરતા આરે ખાંડ સરખી.**

૭. ભગવાન મહાવીરને કેવળજ્ઞાન કોના ખેતરમાં કયા વૃક્ષ નીચે થયું?

**ભગવાન મહાવીરને કેવળજ્ઞાન સામાનિક ગાથાપતિના ખેતરમાં શાલ વૃક્ષ નીચે થયું.**

૮. ક્ષીર મેઘથી શું થશે? **ધરતીની રૂક્ષતા દૂર થશે, શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ, શુભ સ્પર્શ ઉત્પન્ન થશે.**

૯. અવસર્પિણીના બીજા અને ઉત્સર્પિણીના ચોથા આરે ગતિ ક્યાની હોય?

**બીજા આરે ગતિ ૧ દેવની, ચોથા આરે શરૂઆતમાં ગતિ પાંચ ત્યારપછી ગતિ ૧ દેવની.**

૧૦. ગોરસમાં કોનો સમાવેશ થાય છે? **દૂધ, દહીં, ઘી વગેરે.**

**(આ) કર્મપ્રકૃતિનાના આધારે લખો.** **(૨૫)**

**(૧) વ્યાખ્યા લખો.** **(૫)**

૧. નિદ્ધત : **જે કર્મ મજબૂત, ગાઢ રીતે બંધાયા હોય, જેમાં કોઇ ઉદ્‌વર્તન, અપવર્તન સિવાય સંક્રમણ આદિ થઈ શક્તા નથી, તેને નિદ્ધત કહે છે.**

૨. રસવિજ્ઞાન આવરણ : **ચાખી શકે પણ વિશેષ જ્ઞાન ન થાય કે શેનો સ્વાદ છે?**

૩. ચક્ષુ દર્શનાવરણીય : **આંખ દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ. તેના પર આવરણ.**

૪. અનિષ્ટ લાવણ્ય : **બેડોળ કે ખરાબ શરીર મળે.**

૫. મનોજ્ઞ સ્પર્શ : **મનને ગમતા સ્પર્શ મળે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(૧૦)**

૧. શાતા વેદનીયનો અબાધાકાળ અને અશાતા વેદનીયની સ્થિતિ લખો.

**જ. અંતર્મુહૂર્ત ઉ. ૧૫૦૦ વર્ષ. (દોઢ હજાર વર્ષ) જ. ૧ સાગરના સાત ભાગ કરીએ તે માંહેના ૩ ભાગ ને ૧ પલ્યનો અસં. મો ભાગ ઊણો (૩/૭ સાગરોપમમાં પલ્યનો અસં.મો ભાગ ઊણો) ઉ. ૩૦ કો.કો. સાગરની**

૨. દર્શનાવરણીય કર્મ બીજું, મોહનીય કર્મ ચોથું અને અંતરાય કર્મ આઠમું શા માટે?

**જ્ઞાન ઉપયોગ પૂર્ણ થવા પર તરત દર્શનનો ઉપયોગ હોય છે તેથી દર્શનાવરણીય કર્મ બીજું, સુખ અને દુ:ખ રાગ અને દ્વેષને જન્મ આપે છે તેથી મોહનીય કર્મ ચોથું અને ગોત્ર પ્રમાણે દાન, લાભ આદિની પ્રાપ્તિ અને વિયોગ થાય છે તેથી અંતરાય કર્મ આઠમું છે.**

૩. દેવ આયુષ્ય બંધના કારણો અને ગોત્ર કર્મની સ્થિતિ અને અબાધાકાળ લખો.

**દેવ આયુષ્ય બંધના ૪ કારણો : સરાગ સંયમ (સાધુપણું) પાળે, સંયમાસંયમ (શ્રાવકપણું) પાળે, બાલ (અજ્ઞાન) તપ કરે, અકામ નિર્જરા કરે. ગોત્રકર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ ગોત્ર કર્મનો અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૨૦૦૦ વર્ષ.**

૪. ત્રસ દશકના માત્ર નામ લખો. **ત્રસ નામ, બાદર નામ, પર્યાપ્ત નામ, પ્રત્યેક નામ, સ્થિર નામ, શુભ નામ, સૌભાગ્ય નામ, સુસ્વર નામ, આદેય નામ, યશોકીર્તિ નામ.**

૫. પ્રત્યાખ્યાનાવરણીય ચોકની ઉપમા લખો. **પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ તે વેળુ મધ્યે લીટી સમાન. પ્રત્યા. માન તે લાક્ડાના સ્તંભ સમાન. પ્રત્યા. ઊયા તે ગૌમૂત્રિકા સમાન. પ્રત્યા. લોભ તે ગાડાના ખંજન સમાન.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. કર્મના મુખ્ય ...... અને ...... પ્રકાર છે. **દ્રવ્ય, ભાવ**

૨. અર્ધનારાચમાં એક પડખે ...... અને બીજા પડખે ...... હોય. **મર્કટબંધ, ખીલી**

૩. ......, ......, ......અને ...... ની આરાધના વડે આત્માને સિદ્ધ બનાવી શકાય છે.

**જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ**

૪. કર્મમાં ...... ...... છે. **આકુંચન પ્રસારણ**

**(૩) મને ઓળખો. હું ક્યા કર્મનો કોનો ભેદ છું (૫)**

૧. હું બીજા માટે અજેય બની જાઉં : **નામ કર્મ** **પરાઘાત નામ**

૨. હું મોક્ષે લઈ જવામાં મદદ કરું છું : **નામ કર્મ** **વજ્રૃષભનારાચ સંઘયણ**

૩. મારા આવરણથી સર્વ દ્રવ્યનું સંપૂર્ણ જ્ઞાન ન થાય : **જ્ઞાનાવરણીય** **કેવળ જ્ઞાનાવરણીય**

૪. મને વાંસની છોઇની ઉપમા આપી છે : **મોહનીય કર્મ** **સંજવલન માયા**

૫. મારા મદના કારણે તપ કરવાની શક્તિ ન મળે : **નીચ ગોત્ર** **તપ મદ**

**(ઇ) સાધુ–સાધ્વીને ગોચરી વહોરાવવાની સમજણના આધારે સાચું છે કે ખોટું? ખોટું સુધારીને લખો. (૫)**

૧. સાધુ–સાધ્વી માટે આહાર–પાણી વહેલા તૈયાર કરવા જોઇએ.

**ખોટું. સાધુ–સાધ્વી માટે આહાર–પાણી વહેલા તૈયાર ન કરવા જોઇએ.**

૨. શાક સમારતી વ્યક્તિ અસૂઝતી કહેવાય. **સાચું.**

૩. શ્રાવકે રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ. **સાચું.**

૪. રસોઇ બનાવતી વખતે સુપાત્રદાનની ભાવના ભાવવી જોઇએ.

**ખોટું. રસોઇ બનાવી લીધા સુપાત્રદાનની ભાવના ભાવવી જોઇએ.**

૫. સાધુ માટે વેચાતું લઈએ તો આધાકર્મી દોષ લાગે. **ખોટું. સાધુ માટે વેચાતું લઈએ તો ક્રીતકૃત દોષ લાગે.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શ્બ્દમાં લખો.**

૧. ક્યા નગરમાં દ્રહ હતું? ત્યાં કઈ નદી હતી? **વારાણસી, ગંગા**

૨. કામદેવ સમાન કેવા રહેવું જોઈએ? **દઢ, અતૂટ**

૩. ઋષભદેવના પૂર્વધર સાધુ અને મનઃપર્યવ જ્ઞાની કેટલા હતા? **૪,૭૫૦ અને ૧૨,૬૫૦**

૪. ઋષભદેવે કેટલી કળા શીખવી? **૭૨, ૬૪**

૫. શ્રેયાંસકુમાર કોના પુત્ર અને કોના પૌત્ર હતા? **સોમરાજા, બાહુબલી**

૬. સાપના નેત્ર શેનાથી ભરેલા હતા? **વિષ, રોષ**

૭. કામદેવ પાસે કેટલા ગોકુળ અને કેટલી ગાયો હતી? **૬, ૬૦૦૦૦**

૮. પાપકર્મમાં શું જવા દેવાનું નથી? **ઈન્દ્રિયો, મન**

૯. દ્રહની નજીક શું હતું? ત્યાં કોણ રહેતું હતું? **માલુકા કચ્છ, બે પાપી શિયાળ**

૧૦. ઋષભદેવના લગ્ન કોની સાથે થયા? **સુમંગલા, સુનંદા**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. કરકંડુ **પ્રમુખ ચારે પ્રત્યેક બુદ્ધ, મુનિ મુક્તે પહોંચ્યા જીત્યા કર્મ મહાજોધ,**

**ધન્ય મોટા મુનિવર મૃગાપુત્ર જગીશ, મુનિવર અનાથી જીત્યા રાગ ને** રીસ.

૨. વિચરે **વિદેહે મોટા તપસી ઘોર, ભાવે કરી વંદું ટાળે ભવની ખોડ,**

**ચોવીસે જિનના સઘળા એ ગણધાર, ચૌદસે ને બાવન તે પ્રણમું** સુખકાર.

૩. વળી **રાય ઉદાયન દિયો ભાણેજને રાજ, પછી ચારિત્ર લઈને સાર્યા આતમ** કાજ,

**ગગંદત્ત મુનિ આણંદ તરણ તારણ જહાજ, કુશળ મુનિ રોહો દિયો ઘણાને** સાજ.

૪. તજી **આઠ અંતેઉરી કાઢી દીક્ષાની વાત, ચારિત્ર લઈને કીધો મુક્તિનો સાથ,**

**શ્રી અનીકસેનાદિક છયે સહોદર ભાય, વસુદેવના નંદન દેવકી જ્યારી** માંય.

૫. શુકદેવ **સંન્યાસી એક સહસ્ત્ર શિષ્ય સાર, પંચશયશું શેલક લીધો સંયમ ભાર,**

**સર્વ સહસ્ત્ર અઢાઈ ઘણા જીવોને તાર, પુંડરગિરિ ઉપર કીયો પાદોપગમન** સંથાર.

**જય – જિનેન્દ્ર**


- ❋ PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- ❋ NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
- ❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
- ❋ FOR BOOKS AND EXAM REGISTRATION